Upload 07 09 2024 National 1.20am (NSD) Afternoon-1

# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 07-09-2024 બપોરે : 1.20થી 1.30

વાર : શનિવાર

આકાશવાણી સમાચાર હેમાંગીની સોનારા વાંચે છે.

---

- ✓ મણીપુરમાં આજે સવારથી થયેલા ગોળીબારમાં છનાં મોત..અનેક ઇજાગ્રસ્ત
- ✓ જમ્મુકાશ્મીરમાં આદર્શ આચારસંહિતાના ભંગ બદલ નવ પોલીસ ફરિયાદ દાખલ ...પાંચ સરકારી કર્મચારીઓ આચારસંહિતાના ભંગ બદલ બરતરફ
- ✓ ઝારખંડમાં વકિલોને પાંચ લાખ રૂપિયાનો મેડિકલ વીમો આપવાનો રાજ્ય સરકારનો નિર્ણય.. ત્રીસ હજાર વકીલોને ફાયદો થશે
- ✓ રાષ્ટ્રપતિ મુર્મુ અને પ્રધાનમંત્રીએ દેશવાસીઓને ગણેશ ચતુર્થીની શુભેચ્છા પાઠવી , મોદીએ કહ્યું- ગણેશોત્સવ રાષ્ટ્રીય જાગૃતિનો તહેવાર
- ✓ ડ્યુટી દરમિયાન સોશિયલ મીડિયાનો ઉપયોગ કરવા બદલ પાકિસ્તાનના કરાંચીમાં 12 પોલીસ અધિકારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા
- ✓ પેરાલિમ્પિક્સમાં નાગાલેન્ડના હોકાટો હોટેઝે કાંસ્ય ચંદ્રક જીત્યો.. રાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રીએ અભિનંદન પાઠવ્યા

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## *REV. MANIPUR-GUNFIGHT CONTINUES*

મણિપુરમાં વહેલી સવારથી જ અલગ-અલગ સ્થળોએ ગોળીબાર ચાલી રહ્યો છે જેમાં છ લોકોના મોત થયા છે અને ઘણા ઇજાગ્રસ્ત થયા છે. આજે વહેલી સવારે, જીરીબામ જિલ્લામાં એક વ્યક્તિ તેના ઘરે સૂતી હતી ત્યારે પહોંચેલા શંકાસ્પદ આતંકવાદીઓએ તેના માથામા ગોળી મારીને તેની હત્યા કરી દીધી હતી..

બાદમાં જીરીબામ પોલીસ સ્ટેશન હેઠળના નંગચેપી વિસ્તારમાં બે જૂથો વચ્ચે ગોળીબાર થયો હતો. ગોળીબારમાં ત્રણ શંકાસ્પદ આતંકવાદીઓ સહિત ચાર લોકો માર્યા ગયા હતા

કલચિંગ જિલ્લાના તાંગજેંગ ખુન્જાઓ ખાતે ગોળીબાર થઈ રહ્યો છે જેમાં બે વ્યક્તિઓને ગોળી વાગતા તેઓને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે મોઇરાંગ શહેરમાં સ્થાનિક બનાવટના રોકેટ બોમ્બ વિસ્ફોટમાં એક નાગરિકનું મોત થયું હતું અને પાંચ ઘાયલ થયા હતા. મોડી રાત્રે, મોટી સંખ્યામાં લોકોએ વિવિધ સ્થળોએ સ્થિત મણિપુર રાઇફલ્સ બટાલિયનનો ઘેરાવ કર્યો અને હથિયારો અને દારૂગોળો લૂંટવાનો પ્રયાસ કર્યો. જોકે, સુરક્ષા દળોએ પરિસ્થિતિને કાબૂમાં લીધી હતી અને લોકોને વિખેરી નાખ્યા હતા.

## *J&K-POLL-FIR*

જમ્મુ અને કાશ્મીરમાં ચૂંટણી વિભાગે આદર્શ આચાર સંહિતાના ઉલ્લંઘન માટે 9 FIR નોંધી છે. રાજકીય પ્રવૃત્તિઓમાં ભાગ લેવા બદલ 5 સરકારી કર્મચારીઓને સસ્પેન્ડ કર્યા છે, ઉપરાંત આવા 23 કેસોમાં ચેતવણી જાહેર કરી છે, જ્યારે ઉલ્લંઘનના 48 કેસોમાં તપાસ શરૂ કરવામાં આવી છે. આકાશવાણીના જમ્મુ સંવાદદાતાના અહવાલ મુજબ 16 ઓગસ્ટ 2024 ના રોજ આદર્શ આચાર સંહિતા લાગુ કરવામાં આવી ત્યારથી સમગ્ર કેન્દ્રશાસિત પ્રદેશમાં 175 જેટલા ઉલ્લંઘન નોંધાયા છે. આમાં રાજકીય પક્ષો અને ઉમેદવારો વિરુદ્ધ ઉલ્લંઘનના 96, સરકારી

કર્મચારીઓ વિરુદ્ધ 53, મીડિયા વ્યક્તિઓ વિરુદ્ધ બે અને અન્ય વિરુદ્ધ 24 અહેવાલોનો સમાવેશ થાય છે. 89 ઉલ્લંઘનોને દૂર કરવામાં આવ્યા કારણ કે તે પાયાવિહોણા અને ખોટા હતા.

## *J&K-NOMINATIONS SCRUTINY*

જમ્મુ અને કાશ્મીર વિધાનસભાની ચૂંટણીના બીજા તબક્કા માટે ઉમેદવારીપત્રોની ચકાસણી બાદ 207 ઉમેદવારીપત્રો માન્ય ઠર્યા છે, જ્યારે 62 ઉમેદવારીપત્રો ગેરમાન્ય ઠર્યા છે

અમારા સંવાદદાતા જણાવે છે કે છ જિલ્લાની 26 વિધાનસભા બેઠકો માટે કુલ ત્રણસો 29 ઉમેદવારીપત્રો ભરાયા હતા. સોમવાર સુધી ઉમેદવારીપત્રો પરત ખેંચી શકાશે. આ તબક્કા માટે 25 સપ્ટેમ્બરે મતદાન થશે. દરમ્યાન બીજા તબક્કાના મતદાન માટે જમ્મુ-કાશ્મીરમાં રાજકીય ગતિવિધિઓ તેજ થઈ ગઈ છે અને વિવિધ પક્ષો પ્રચાર અને રેલીઓ કરી રહ્યા છે.

## *HARIYANA CONGRESS YADI*

હરિયાણા વિધાનસભા ચૂંટણી માટેકોંગ્રેસે 31 ઉમેદવારોની યાદી જાહેર કરી છે. પક્ષના વરિષ્ઠ નેતા અને પૂર્વ મુખ્યમંત્રી ભૂપિન્દર સિંહ હુડ્ડા ગઢી સાંપલા કિલોઈ બેઠક પરથી ચૂંટણી લડશે. હોડલમાંથી પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ઉદય ભાનને મેદાનમાં ઉતારવામાં આવ્યા છે. ગઈકાલે કોંગ્રેસમાં સામેલ થયેલી કુસ્તીબાજ વિનેશ ફોગટને જુલાનાથી ટિકિટ મળી છે. રાજ્યના પૂર્વ મંત્રી ગીતા ભુક્કલ ઝજ્જરથી ચૂંટણી લડશે. વર્તમાન વિધાનસભ્ય ચિરંજીવ રાવને રેવાડીથી ફરીથી ટિકિટ આપવામાં આવી છે. નોંધનીય છે કે, હરિયાણા વિધાનસભાની તમામ 90 બેઠકો માટે 5મી ઓક્ટોબરે મતદાન થશે.

## *JHARKHAND-LAWYERS MEDICAL INSURANCE*

ઝારખંડ સરકારે તમામ વકીલોને 5 લાખ રૂપિયાનો મેડિકલ વીમો આપવાનો નિર્ણય કર્યો છે. જેનાથી રાજ્યના ત્રીસ હજાર વકીલોને ફાયદો થશે.

મુખ્યમંત્રી હેમંત સોરેનની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. બેઠકમાં 65 વર્ષ અને તેથી વધુ વયના વકીલોનું પેન્શન સાત હજાર રૂપિયાથી વધારીને ચૌદ હજાર રૂપિયા કરવાની પણ મંજૂરી આપવામાં આવી હતી. કેબિનેટે નવા ભરતી કરાયેલા વકીલોને દર મહિને પાંચ હજાર રૂપિયા આપવાની પણ મંજૂરી આપી છે.

એડવોકેટ જનરલ રાજીવ રંજને કહ્યું કે ઝારખંડ એકમાત્ર એવું રાજ્ય છે જેણે વકીલોના હિતમાં નિર્ણય લઈને સમગ્ર દેશમાં એક ઉદાહરણ સ્થાપિત કર્યું છે.

## *WB-APARAJITA-PREZ*

પશ્ચિમ બંગાળના રાજ્યપાલ સીવી આનંદ બોઝે ઘણી ખામીઓ દર્શાવી 'અપરાજિતા મહિલા અને બાળ વિધેયક 2024' રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને મોકલ્યું છે.

ગયા મહિનાની નવમી તારીખે કોલકાતાની આર જી કર હોસ્પિટલમાં તાલીમાર્થી મહિલા ડૉક્ટર સાથે દુષ્કર્મ અને હત્યા બાદ રાજ્ય વિધાનસભાએ આ વિધેયક પસાર કર્યું હતું. આ વિધેયકમાં જો પીડિતા મૃત્યુ પામે છે અથવા કોમામાં જાય છે તો દુષ્કર્મના દોષિતો માટે મૃત્યુદંડની માંગ માંગણી કરવામાં આવી છે. રાજ્યપાલે સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું કે વિધેયક ઉતાવળમાં તૈયાર કરવામાં આવ્યું છે. તેમણે વિધેયકની સાથે ટેક્નિકલ રિપોર્ટ ન મોકલવા માટે રાજ્ય સચિવાલયને પણ જવાબદાર ઠેરવી કહ્યું કે આ તેમની નિષ્ફળતા છે.

## *MID BREAK- NEWS- NATIONAL*

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

## TRIPURA RAHAT PEKEJ

ત્રિપુરાના મુખ્યમંત્રી ડૉ. માણિક સાહાએ રાજ્યના પૂર પ્રભાવિત વિસ્તારો માટે 564 કરોડ રૂપિયાના વિશેષ રાહત પેકેજની જાહેરાત કરી છે.જેમાં અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ,કૃષિ વિભાગ અને બાગાયતી સહિતના વિભાગોમાં નાણાં ફાળવી પુરથી અસરગ્રસ્ત લોકોને મદદ કરવામાં આવશે.

ગઈકાલે રાજ્યની વિધાનસભામાં ડૉ. સાહાએ જણાવ્યું હતું કે પૂરના કારણે નુકસાનનો પ્રારંભિક અંદાજ આશરે 14 હજાર 247 કરોડ રૂપિયા છે. તેમણે કહ્યું કે, વાસ્તવિક નુકસાનનું મૂલ્યાંકન કર્યા પછી રાજ્ય સરકાર કેન્દ્રીય ગૃહવિભાગને એક આવેદનપત્ર સોંપશે. જેમાં રાહત અને પુનર્વસન માટે વધારાના ભંડોળની વિનંતી કરવામાં આવશે.

## GANESH CHATURTHI

દેશભરમાં આજે ગણેશ ચતુર્થીના તહેવારની ભક્તિ અને હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી રહી છે. આ દિવસ જ્ઞાન, સમૃદ્ધિ અને સૌભાગ્યના પ્રતીક ભગવાન ગણેશની જન્મજયંતિ તરીકે ઉજવવામાં આવે છે. લોકો પોતાના ઘરમાં માટીથી બનેલા ગણેશજીની મૂર્તિઓ સ્થાપિત કરે છે. 10 દિવસ સુધી ચાલનારા ઉત્સવ દરમિયાન ગણપતિની પૂજા કરવામાં આવે છે અને છેલ્લા દિવસે ધામધૂમથી મૂર્તિનું વિસર્જન કરવામાં આવે છે. આ દિવસને વિનાયક ચતુર્થી અને ગણેશ ઉત્સવ પણ કહેવાય છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે ગણેશ ચતુર્થીના અવસર પર શુભેચ્છા પાઠવી છે. રાષ્ટ્રપતિએ તેમના સંદેશમાં જણાવ્યું હતું કે આનંદ અને ઉત્સાહનો આ તહેવાર સામાજિક સમરસતા અને ભાઈચારાનો સંદેશ આપે છે. શ્રીમંતી મુર્મુએ કહ્યું કે ભગવાન ગણેશ જ્ઞાન, બુદ્ધિ અને સમૃદ્ધિના પ્રતીક છે અને આ તહેવાર આપણને નમ્ર અને કર્તવ્યનિષ્ઠ બનવાની પ્રેરણા આપે છે. ઉપરાંત આ તહેવાર સામાજિક સમરસતાને પણ પ્રોત્સાહન આપે છે.

ઉપ રાષ્ટ્રપતિ જગદીપ ધનખડે કહ્યું કે ભગવાન ગણેશ જ્ઞાન, સમૃદ્ધિ અને સૌભાગ્યના પ્રતીક છે અને કરોડો લોકોના હૃદયમાં વિશેષ સ્થાન ધરાવે છે. ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે ભગવાન ગણેશ, અવરોધોના વિનાશક તરીકે, આપણને હિંમત અને નિશ્ચય સાથે પડકારોનો સામનો કરવા માટે પ્રેરણા આપે છે.

પ્રધાનમંત્રી  મોદીએ પણ તમામ દેશવાસીઓને ગણેશ ચતુર્થીની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી અને પવિત્ર પ્રાર્થના કરી,“ગણપતિ બાપ્પા મોર્યા!”

## *KARACHI SOCIAL MEDIA*

ડ્યુટી દરમિયાન સોશિયલ મીડિયાનો ઉપયોગ કરવા બદલ, કરાચીમાં 12 પોલીસ અધિકારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

કરાચીના અધિક પોલીસ મહાનિરીક્ષકે, પ્રોટોકોલનું ઉલ્લંઘન કરવા બદલ ત્રણ મહિલા અને નવ પુરૂષો સહિત 12 વધુ અધિકારીઓને સસ્પેન્ડ કર્યા છે.. એક દિવસ પહેલા પણ છ અધિકારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

સિંધના પોલીસ મહાનિરીક્ષક ગુલામ નબી મેમન એ, કરાચીના અધિક પોલીસ મહાનિરીક્ષક, ઝોનલ ડીઆઈજી અને એસએસપીને ફરજ પરના સમયે ટીક-ટોક પર વીડિયો રેકોર્ડ અને અપલોડ કરનારા પોલીસકર્મીઓ સામે પગલાં લેવા કડક આદેશો આપ્યા છે.

# *PERIS PERALMPICS*

પેરિસ પેરાલિમ્પિક્સ 2024માં નાગાલેન્ડના હોકાટો હોટોઝે ગોળાફેંક એફ 57 સ્પર્ધામાં કાંસ્ય ચંદ્રક જીતી ભારતને વધુ એક ચંદ્રક અપાવ્યો છે.

રાષ્ટ્રપતિદ્રૌપદી મુર્મુ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પેરિસ પેરાલિમ્પિક્સમાં પુરુષોની ગોળાફેંક F57 સ્પર્ધામાં કાંસ્યચંદ્રક જીતવાબદલ હોકાટો હોટોઝે સેમાને અભિનંદન પાઠવ્યા છે. રાષ્ટ્રપતિ મુર્મુએ સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રીસેમાએ ભવિષ્યમાં વધુ સફળતા મળે તેવી શુભેચ્છા પાઠવી હતી.પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે આ દેશ માટે ગર્વની ક્ષણ છે.તેમણે કહ્યું કે રમતવીરની અદ્ભુત તાકાત અને દૃઢ નિશ્ચય અસાધારણ છે.

નાગાલેન્ડના મુખ્યમંત્રી નેફિયુ રિયોએ પણ હોકાટો હોટોઝે સેમાને આ સિદ્ધિ મેળવવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

આ સાથે ભારત આ પેરાલિમ્પિક્સમાં અત્યારસુધી 6 સુવર્ણ, 9 રજત અને 12 કાંસ્ય સહીત કુલ 27 ચંદ્રકો જીતી ચૂક્યું છે.

સાયકલિંગમાં આજે જ્યોતિ ગાડેરીયા મહિલાઓની C 1-3 રોડ રેસની ફાઇનલમાં ઉતરશે. જ્યારે નૌકા સ્પર્ધામાં પ્રાચી યાદવ મહિલાઓની 200 મિટર સિંગલ ઇવેન્ટમાં સેમીફાઇનલ રમશે. જ્યારે એથ્લેટિકસમાં પુરુષોની ભાલા ફેંક સ્પર્ધામાં નવદીપ ફાઇનલમાં રમશે.